# લોકજનશક્તિ

Valsad 6 June, 2018


# દક્ષિણ ગુજરાતના ૩૨થી વધુ આંતરિયાળ વિસ્તારોમાં વિદ્યાર્થીઓ માટે શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર દ્વારા શિક્ષણોપયોગી સાધનોનું રાહતદરે વિતરણ





**ધરમપુરઃ** મહાત્મા ગાંધીજીના આધ્યાત્મિક માર્ગદર્શક શ્રીમદ્ રાજચંદ્રજીના પરમ ભક્ત તથા શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરના સંસ્થાપક પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશભાઈની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ કાર્યરત શ્રીમદ્ રાજચંદ્ર લવ એન્ડ કેર (એસઆરએલસી) એ સમાજ કલ્યાણના કાર્યોને આવરી લેતું એવું અભિયાન છે કે જેમાં મનુષ્યજાતિ, પ્રાણીજગત અને પર્યાવરણ એટલે કે જીવમાત્રને શાતા અને સેવા પહોંચાડવા દસ પ્રકારની સેવાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેના મહત્તમ પ્રયત્નો દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારના જરૂરીયાતમંદ પ્રજાના ઉત્કર્ષ માટે ચાલી રહયા છે. તે માટે મિશનના સેવકો દ્વારા આરોગ્ય, શિક્ષણ આદિ ક્ષેત્રે અનેક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે, જેનાથી લાખો લાભાન્વિત થાય છે.

તેમાંની શૈક્ષણિક સેવા અંતર્ગત ધરમપુર અને તેની આસપાસના ગ્રામીણ વિસ્તારના અભાવગ્રસ્ત વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે છેલ્લા ૧૩ વર્ષથી વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. જેમ કે આદિવાસી વિદ્યાર્થીઓ માટે શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાવિહાર, .ચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્તરની વિજ્ઞાન શાખાની સ્કૂલ શ્રીમદ્ રાજચંદ્ર ગુરુકુલ, ધરમપુર અને કપરાડા તાલુકાના ૨૩૮ ગામો વચ્ચે સ્થાપવામાં આવેલ એક માત્ર સાયન્સ કોલેજ શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠ, યુવા વર્ગને પગભર થવા સહાયક બનવા શ્રીમદ્ રાજચંદ્ર સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર, આંતરિયાળ વિસ્તારોમાં જઈ ઉચ્ચ ગુણવત્તાસભર શિક્ષણ આપવા શ્રીમદ્ રાજચંદ્ર એજ્યુકેશન ઓન વ્હીલ્સ અને શ્રીમદ્ રાજચંદ્ર કોચિંગ કલાસીસ, શિક્ષણોપયોગી સાધનોના રાહત દરેક વિતરણ માટે શ્રીમદ્ રાજચંદ્ર શૈક્ષણિક સાધન સહાય વગેરે.

આમ શાળાની તથા કોલેજની સ્થાપના, અન્ય શાળાઓ તથા વિદ્યાર્થીઓને સહયોગ આદિ આ વર્ષે પ્રવૃત્તિઓનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે આ વિસ્તારોમાં શિક્ષણનું સ્તર ઉંચુ આવે અને જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને શિક્ષણના અભાવે ગરીબીના વિષચક્રમાં સપડાવું ન પડે. ભણતર માટે જરૂરી નોટબુકો તથા અન્ય સ્ટેશનરી વસ્તુઓ આ વિસ્તારના કેટલાય બાળકો માટે અલભ્ય છે. છેલ્લા ૧૩ વર્ષથી ધરમપુર અને તેની આસપાસના વિસ્તારના જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓ માટે શ્રીમદ્ રાજચંદ્ર શૈક્ષણિક સાધન સહાય આ પ્રોજેક્ટ અંતર્ગત શિક્ષણોપયોગી સાધનો જેમ કે સ્કૂલ બેગ, રાઇટીંગ પેડ, નોટબૂકો, કંપાસ આદિનું અત્યંત રાહત દરેક વિતરણ કરવામાં આવે છે. દૂર દૂરથી લોકો આ કેન્દ્રમાં આવે છે, લાંબી લાઈનો લાગે છે કારણ કે આ સાધનો ઉચ્ચ ગુણવત્તાયુક્ત હોય છે. પૂજ્ય ગુરુદેવશ્રી સ્વયં દર વર્ષે આ સેવાકાર્યમાં જોડાય છે અને પોતાના હાથે વિદ્યાર્થીઓને બુક્સ અને સ્ટેશનરીઓનું વિતરણ કરે છે.

આ પ્રોજેક્ટને અત્યંત જબરદસ્ત પ્રતિસાદ સાંપડ્યો છે. જે અંતર્ગત અત્યાર સુધી રૂ.૩૦ કરોડથી વધુ કિંમતના સાધનોનું વિતરણ કરવામાં આવ્યું છે. જેનાથી દર વર્ષે આશરે રૂ.૧.૨૫ લાખથી વધુ જેટલા વિદ્યાર્થીઓ લાભાન્વિત થાય છે. પૂજ્ય ગુરુદેવશ્રીની નિરંતર વહેતી કરૂણાના ફળ સ્વરૂપે આ વર્ષે ધરમપુર અને તેની આસપાસના વિસ્તારોના ૩૨ કેન્દ્રોમાં રૂા.૭ કરોડથી વધુ કિમતની ૨૫ લાખથી વધુ નોટબૂક્સ તથા ૧,૫૦,૦૦૦ અન્ય સામગ્રીનું વિતરણ કરવામાં આવશે. આ વિતરણ તા.૨૮મી મે-૨૦૧૮થી (૧) શ્રીમદ્ રાજચંદ્ર રાજચંદ્ર વિદ્યાપીઠ- કરંજવેરી, (૨) શ્રી એસએમએસએમ હાઈસ્કૂલ, ત્રણ દરવાજા પાસે- ધરમપુર (૩) નગરપાલિકા હાઈસ્કૂલ, હાથીખાના-ધરમપુર (૪) શ્રી એસએમએસએમ હાઈસ્કૂલ, સાયન્સ સેન્ટર સામે ધરમપુર (૫) શ્રી એનઆર રાઉત હાઈસ્કૂલ, નાનાપોંઢા (૬) સરકારી ઉચ્ચત્તર મા.શાળા (વિજ્ઞાન પ્રવાહ), એસ.ટી.ડેપોની પાછળ, કપરાડા (૭) દેસાઇ એન.ડી.એન.સાર્વ. હાઇસ્કૂલ, જીઆઈડીસી -વાપી, જિ. વલસાડ (૮) કુમારશાળા વાપી ટાઉન, નગરપાલિકા ઓફિસની બાજુમાં, વાપી (૯) ડી.સી.ઓ. સાર્વજનિક હાઈસ્કૂલ, પારડી (૧૦) ડી.પી. પટેલ સાર્વજનિક હાઈસ્કૂલ, મોટા વાઘછીપા (૧૧)શ્રી રામજી ટેકરા દેસાઇ પંચની વાડી, રામજી ટેકરા, વલસાડ (૧૨) પી.જી. ભવન, એન.કે.એમ. કોલેજ કેમ્પસ, તિથલ રોડ (૧૩) શ્રી આઇ.પી.ગાંધી માધ્યમિક સ્કૂલ, જુજવા (૧૪) કુંદનબા કમ્યુનિટી હોલ, કોલેજ કેમ્પસ, બી.વી.કે. મંડળ, બીલીમોરા (૧૫) શ્રી બી.એલ. પટેલ સર્વ વિદ્યામંદિર, રાનકુવા (૧૬) શ્રી દા.એ. ઇંટાલિયા સાર્વ. હાઈસ્કૂલ, ચીખલી (૧૭) શ્રીમદ્ રાજચંદ્ર પેવેલિયન, ગાંધી મેદાન- વાંસદા (૧૮) સંસ્કાર વિદ્યામંદિર હાઈસ્કૂલ, પાણીખડક (૧૯) શ્રી રામજી મંદિર સંકૂલ, ખેરગામ, જિ. નવસારી- ખેરગામ (૨૦) સંજીવની ચેરિટેબલ ટ્રસ્ટ- આહવા (ડાંગ) (૨૧)વિવેકાનંદ સંવેદના ટ્રસ્ટ, કણબીવાડ- સીતાપુર (વાંસદા) (૨૨) શ્રીજી નર્સિંગ સ્કૂલ, ખડકાળા (વાંસદા) (૨૩) જન સેવા સમિતિ, પ્રાથમિક શાળા, ઉનાઇ (૨૪) શ્રી જે.એમ.પટેલ સાર્વ. હાઈસ્કૂલ, દિગેન્દ્રનગર (૨૫) આર.એન. નાયક સાર્વજનિક હાઈસ્કૂલ, સરીખુરદ (૨૬) ડી.આર.પટેલ હાઈસ્કૂલ, દાંડી, તા. જિ. વલસાડ (૨૭) સાંઇબાબા મંદિર પાસે, ચણવઇ, તા. જિ. વલસાડ (૨૮) એલ.આર. કોન્ટ્રાક્ટર વિદ્યાલય, પીપલખેડ (૨૯) રૈનબસેરા હોટલ, તા. ધરમપુર, હનમતમાળ (૩૦) પ્રાથમિક શાળા ખાનપુર, ચોકડી પાસે, તા. વાંસદા, જિ. વલસાડ- ખાનપુર (૩૧) સંસ્કાર કેન્દ્ર હોલ હરિયા (અતુલ), રેલ્વે ફાટકની બાજુમાં, હરિયા (૩૨) બુનિયાદી વિદ્યામંદિર, વાંકલ, તા. જિ. વલસાડ- વાંકલ આ તમામ કેન્દ્રોમાં શરૂ થઇ ચૂક્યું છે.

આ પ્રોજેક્ટની કેટલાક વિશિષ્ટતાઓ ધ્યાનમાં લેવા જેવી છે જેમ કે ભારતના રાષ્ટ્રપિતા ગાંધીજી તથા તેઓએ સત્ય અને અહિંસા જેવા સિદ્ધાંતોની પ્રેરણા જેમની પાસેથી લીધી એવા પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીના ચિત્રપટ દરેક નોટબૂક ઉપર છે, જે વિદ્યાર્થીઓને ઉચ્ચ મૂલ્યોની પ્રેરણા આપશે. આ ઉપરાંત નોટબૂકની અંદર રહેલા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રેરણાત્મક સૂત્રો વિદ્યાર્થીઓના ઘડતરમાં મદદરૂપ થશે. વળી આ પ્રોજેક્ટમાં સેવા આપનાર મોટા ભાગના સેવકો વરિષ્ઠ નાગરિકો અને તરૂણો છે. નોટબૂક કલાસમેટ બ્રાડનાં અને કમ્પાસ બોક્સ Kores India જેવી જાણીતી કંપનીઓ દ્વારા બનાવવામાં આવેલ છે. વળી એન્વાયરમેન્ટલ કેરના ઉદ્દેશોને પ્રોત્સાહિત કરવા નોટબૂકો હાઇ કવોલિટી ઇકો ફ્રેન્ડલી પેપર્સમાંથી બનાવવામાં આવી છે.

આ પ્રોજેક્ટના કારણે વિદ્યાર્થીઓમાં એક વિશ્વાસ પેદા થયો છે કે ભણતરમાં સહાયક સાધનો તેમને પોષાય એવા દરે તેઓ મેળવી શકે છે અને તેથી તેમના શિક્ષણ માટેના ઉત્સાહમાં વૃધ્ધિ થઇ છે. દરેક શૈક્ષણિક સુવિધાઓ શરૂ કરવા પાછળ પૂજ્ય ગુરુદેવશ્રીનો મુખ્ય આશય એ જ છે કે આ બધા અમારા જ બાળકો છે, એમને શ્રેષ્ઠ સુવિધાઓ પ્રાપ્ત થાય, તેઓ કોઇ પણ ચીજથી વંચિત ન રહી જાય અને તેમનું ભવિષ્ય ઉજ્જવળ બને.